ગાંધીનગર સમાચાર

**અક્ષરધામથી રાજભવન સુધીનો માર્ગ બંધ કરી દેવાયો**

# મહારેલીના પગલે નગરનુ જનજીવન પ્રભાવિત



ગાંધીનગર તા ૨૫

પાટીદારોની મહારેલીના પગલે આજે ગાંધીનગરના જનજીવનમાં પણૅ અનોખો સુનકાર જોવા મળ્યો હતો. શહેરના માર્ગો પર દિવસ દરમિયાન જાણે કે સન્નાટો જોવા મળ્યો હતો. સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી હતી. જયારે શાળાઓમાં પૅણ વિદ્યાર્થીઓની હાજરીમાં નોંધપાત્ર ઘટ રહી હતી. તો કેટલીક શાળાઓ બંધ રાખવામાં આવી હતી.પાટીદાર આંદોલનના સમર્થનમાં નગરના કેટલાક વેપારીઓ પણ જોડાયા હતા.મહારેલીના લીધે નગરમાં ચાલુ દિવસે પણ જાણે રજાનો માહોલ છવાયો હતો. નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ.

અમદાવાદમાં અનામતના અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં અકત્ર થતા આજની રેલીને જબરદસ્ત પ્રતિસાદ મળશે તેનો અણસાર આવી ગયો હતો. ગાંધીનગર જિલ્લામાંથી જોવા મળ્યો હતો.શહેરના માર્ગો પર સવારથી જ સુનકાર જોવા મળ્યો હતો.જયારે આજે સરકારી કચેરીઓ ચાલુ હોવાછતા નગરમાં કોઈ ખાસ

## શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી : નગર બહારથી આવતા કર્મચારીઓએ પણ આવવાનુ ટાળ્યુ નગરના પાટીદાર વેપારીઓ પણ મહારેલીમાં જોડાયા

મુદ્દે યોજાયેલી પાટીદારોની મહારેલીમાં લાખો પાટીદારો ઉમટી પડયા હતા જયારે રાજયના વિવિધ જિલ્લાઓમાંથી ગત રાતથી જ પાટીદારોની જનમેદની પણ મોટી સંખ્યામાં પાટીદારો મહારેલીમાં જોડાવા અમદાવાદ પહોંચી ગયા હતા.અમદાવાદની મહારેલીના લીધે નગરના જનજીવનમાં પણ અનોખો બદલાવ વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી. કચેરીઓમાં પણ કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# અક્ષરધામથી રાજભવન સુધીનો માર્ગ બંધ કરી દેવાયો

## પાટીદાર રેલી નગરમાં ટોક ઓફ ધ ટાઉન

અમદાવાદમાં યોજાયેલી પાટીદારોની મહારેલીના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. સરકારી કચેરીઓથી

**નગરજનો દિવસે ટી.વી. સેટ સામે ગોઠવાયા**

માંડીને સેકટરોની શેરીઓ તેમજ જાહેર સ્થળોએ પાટીદાર આંદોલનનો મુદ્દો જ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. નગરના શોપિંગ સેન્ટરોમાં પણ અનામતના મુદ્દે પાટીદારોએ છેડેલા આંદોલનની ચર્ચાએ જોર પકડયુ હતુ. નગરની સરકારી કચેરીમાં પણ કર્મચારીઓ પાટીદાર આંદોલનની ચર્ચા કરતા જોવા મળ્યા હતા.

શાળા કોલેજોમાં પણ અનામતનો મદ્દો ચર્ચા સ્થાને રહયો હતો. સેકટરોની શેરીઓમાં પણ વિવિધ સમાજના સભ્યોમાં અનામતની લડત અંગે અનેક તર્ક વિર્તક વચ્ચે ચર્ચા જામી હતી. શહેરજનો પણ પાટીદારોની મહારેલીને નિહાળવા ટી વી સેટ સામે ગોઠવાઈ ગયા હતા. જયારે ફોન મારફતે પણ મહારેલીની હિલચાલ તેમજ અપડેટ લેતા નજરે પડયા હતા.




(તસવીર : દિપક જાની)

અમદાવાદમાં અનામતના મુદ્દે વિશાળ શકિત પ્રદર્શન કરતા પાટીદારોની મહારેલીમાં રાજયમાંથી સમાજના લાખો સમર્થકો જોડાયા હતા. જયારે ઉત્તર ગુજરાતમાંથી પણ પાટીદારો મોટી સંખ્યામાં મહારેલીમાં જોડાયા હતા. અમદાવાદમાં યોજાયેલી પાટીદારોની મહારેલી વિખેરાયા બાદ ઉત્તર ગુજરાતથી મોટી સંખ્યામાં રેલીમાં જોડાયેલા

પાટીદારો પરત ફરતા મુખ્યમંત્રીના નિવાસસ્થાન તરફ ધસી ન આવે તે માટે જિલ્લા પોલીસ તંત્રએ અગાઉથી જ સતર્કતા દાખવી અક્ષરધામથી રાજભવન સુધીનો માર્ગ બ્લોક કરી દીધો હતો. આ ઠેકાણે સલામતી બન્દોબસ્તના ભાગરૂપે બી એસ એફની પ્લાટુન પણ સ્ટેન્ડ ટુ કરી દેવાઈ હતી. જયારે નગરના તમામ પ્રવેશદ્વાર પર ઉચ્ચ પોલીસ અધિકારીઓ તૈનાત થઈ ગયા હતા. જેથી શહેરમાં કોઈ પણ અસામાજિક તત્વો પ્રવેશી શકે નહી.

# રૂટ બદલ્યો છતાં ગાંધીનગર-અમદાવાદની બસો ખાલીખમ દોડી

## નાગરિકોએ અપડાઉન કરવાનુ ટાળ્યુ : એસ ટી ની બસો પણ ખાલીખમ દોડી માત્ર ૧૦ ટકા જ ટ્રાફિક રહયો

અમદાવાદમાં યોજાયેલી પાટીદારોની મહારેલીના લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી એસ ટી બસોના રૂટમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે દોડતી બસોને ઈન્દિરાબ્રીજ થી સિવિલ અને કાલુપુર રૂટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. જો કે મહારેલીની અસરના લીધે એસ ટી બસો ખાલીખમ દોડતી જોવા મળી હતી.રોજબરોજ અપડાઉન કરતા મુસાફરોએ અવર જવર ટાળી હતી. અમદાવાદમાં પાટીદારોની મહારેલીના લીધે આજે નગરનુ જનજીવન પણ પ્રભાવિત રહયુ હતુ. જેમાં એસ ટી બસ સેવા પણ વિશેષ રૂપે પ્રભાવિત થઈ હતી. મહારેલીના પગલે અમદાવાદની બસોનો રૂટ પણ બદલવામાં આવ્યો હતો. પરંતુ રોજની સાપેક્ષમાં બસોમાં મુસાફરોનો ટ્રાફિક જોવા મળ્યો ન હતો. મોટાભાગની બસો ખાલીખમ દોડતી જોવા મળી હતી બપોરે ૧ ૨ થી ૫ના



● અનુસંધાન પાન-૭ પર

# સંત સરોવરમાંથી ૩૨૦૮૦ મિલીયન ઘનફૂટ પાણી પસાર થયું

## જિલ્લામાં ભૂતળના જળસ્તર ઊંચા આવ્યા સાબરમતી નદી આખી રિચાર્જ થઈ ગઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના ગોંદરે આવેલ નિર્માણાધીન સંત સરોવરમાંથી ચાલુ ચોમાસાની સિઝન દરમિયાન ૩૨૦૮૦ મિલીયન ઘનફૂટ પાણી દરિયા માટે પસાર થઈ ચુકયું છે અને હજુ પણ પાણી પસાર થઈ રહ્યું છે.

ગાંધીનગરમાં ઈન્દ્રોડા ગામ પાસે રૂ. ૪૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામેલ સંત સરોવરનું સિવીલ વર્ક સંપન્ન થઈ ગયેલ છે અને તેને આધુનિક ગેટ લગાવવાની કામગીરી હાલ ચાલુ છે. ત્રણ દરવાજા લાગી ચુકયા છે.

સંત સરોવરમાંથી પસાર થયેલ આ પાણીમાં ધરોઈમાંથી છોડવામાં આવેલ ૩૫૦ મિલીયન ઘન મીટર પાણીનો પણ સમાવેશ થાય છે.

સાબરમતી નદીમાં આવેલ નવા પાણીને લઈ જિલ્લામાં ભૂતળના સ્તર ઉંચા આવ્યા છે તેમજ જળ સ્ત્રોતોમાં પણ નોંધપાત્ર રિચાર્જીંગ થવા પામ્યું છે

જિલ્લો ઓવર એકસ્પલોઈટેશન કેટેગરીમાં આવતો હતો. જિલ્લામાં જે રીતે પાણીની આવક થઈ છે તેનાથી ખેતીને પણ સારો એવો ફાયદો થવાના સંકેત પ્રાપ્ત થયા છે.

જિલ્લામાં સંત સરોવરનું કામ આ વર્ષના અંત સુધીમાં દરવાજા સહિતનું પૂર્ણ કરવાનું આયોજન સિંચાઈ વિભાગે કર્યું છે.

આ ચોમાસામાં પહેલીવાર દાયકાઓ બાદ ત્રણ જ દિવસમાં સારા વરસાદને કારણે ધરોઈ ડેમ ભરાયાની વિરલ ઘટના બની છે તો આ ડેમમાંથી ઉપસવાસમાં પણ ભારે વરસાદને કારણે બે તબક્કે પાણી છોડવામાં આવ્યું છે. જે પણ એક માસના સમયગાળામાં જ બનવા પામ્યું છે.

આ ચોમાસામાં જિલ્લાની ચારેય નદીઓમાં ઘોડાપૂર જોવા મળ્યા હતા.

સાબરમતી નદી ઉપર બાંધવામાં આવેલ ધરોઈ ડેમમાંથી બે વખત પાણી છોડવામાં આવ્યું હતું. સૌથી વધુ ૧ લાખ ૭૦ હજાર કયુસેક પાણી છોડાયું હતું. બે વખત અલગ અલગ તબકકાઓમાં પાણી છોડાતાં આખી નદી રિચાર્જ થઈ ગઈ છે.

**જાહેર વિજ્ઞપ્તિ**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે, કે શ્રી વલ્લભ કેમીકલને MoEF and CC તરફથી ઈમલ્સીફાયર તથા ડિ-ઈમલ્સીફાયરના વિસ્તૃતિકરણ માટે પર્યાવરણીય મંજૂરી તા. ૩૦-૦૭-૨૦૧૫ના પત્ર દ્વારા મળેલ છે અને તે મંજૂરી GPCB પાસે ઉપલબ્ધ છે તથા તે મંજૂરી MoEF and CC ની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

# ગાંધીનગર કેપિટલ સ્ટેશનને છાજે તેવી સુરક્ષા વ્યવસ્થાનો અભાવ

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર સલામતી વ્યવસ્થાના નામે મીંડુ છે. નગરના છેવાડાના વિસ્તારમાં સ્થિત રેલવે સ્ટેશન પર રોજ ચાર ટ્રેઈનોની અવર જવર છે. જેના પરિણામે કેપિટલ સ્ટેશન પર રાત્રિના સ્ટેશન પર યાત્રિકોલક્ષી જરૂરી સુવિધાઓ પણ લાંબા સમયના અંતે થઈ શકી નથી. સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતા સ્ટેશન લક્ષી સુવિધાઓ અપગ્રેડ થઈ શકી નથી. જયારે મુસાફરો અવ્યવસ્થાની સાથે અસલામતી પણ



સમયે પણ મુસાફરોની અવર જવર રહે છે. પરંતુ મુસાફરોની સલામતીના મુદ્દે હજુ જરૂરી આયોજન થઈ શકયુ નથી. અલબત્ત સ્ટેશન વિસ્તારમાં પોલીસ તંત્રને ચોકી માટે જગ્યા પણ ફાળવવામાં આવતી નથી જયારે રેલવે પોલીસના જવાનો માટે છેવાડાના વિસ્તારમાં ઓફિસ ઉભી કરવામાં આવી છે. તેમને રહેણાંક માટે પણ કવાર્ટસ ફાળવવામાં આવતા ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે.

**કેપિટલ સ્ટેશન પર સ્થાનિક પોલીસને જગ્યા અને રેલવે ફોર્સના જવાનોને રહેણાંક ફળવાતા નથી**

દુવિધાઓથી ઘેરાયેલા ગાંધીનગર રેલવે સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવાની માંગણીનો દાયકાઓના અંતે પણ ઉકેલ આવ્યો નથી. જયારે અનુભવતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. રેલવે સ્ટેશન પર ગુજરાત પોલીસને જરૂરી જગ્યા ફાળવવામાં આવતી નથી. પોલીસ તંત્ર દ્વારા એક પી એસ આઈ તેમજ બે પોલીસ જવાનો સ્ટેશન વિસ્તારમાં વોચ રાખવામાં આવે છે.પરંતુ આ પોલીસ જવાનો માટે સ્ટેશન વિસ્તારમાં જગ્યા ફાળવવામાં આવતી નથી. જયારે રેલવે પોલીસ ફોર્સના પણ એક પી એસ આઈ સહિતના કર્મચારીઓ સ્ટેશનમાં વોચ રાખે છે. પરંતુ સલામતીના પરિબળોને ધ્યાને લઈ જરૂરી સુવિધાઓ પુરી પાડવામાં ન આવતા કોઈ હેતુ સરતો નથી. રેલવે પોલીસ માટે રહેણાંકની જગ્યા નજીકમાં ફળવાતી નથી.

# શાળામાં બાળકોને આખી બાંયના કપડાં પહેરવા દેવા : શિક્ષણ વિભાગ

ગાંધીનગર, તા. ૨૫

ડેન્ગ્યુના મચ્છરો દિવસે કરડતા હોઈ પ્રા. શાળાના તમામ વિદ્યાર્થીઓને ઓગષ્ટથી ઓકટોબર સુધીના સમયગાળા દરમ્યાન આખી બાંયના કપડાં પહેરવાની છૂટછાટ આપવી તેમજ આ માટે ડ્રેસ કોડનો આગ્રહ રાખવો નહિ અને બાળકોને નવા ગણવેશ સિવડાવવાનો પણ આગ્રહ કરવો નહિ તેવા આદેશો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા કરવામાં આવ્યા છે.

અમદાવાદમાં જે રીતે ડેન્ગ્યુ-મેલેરીયાના કેસો મળી રહ્યા છે અને ગાંધીનગર જિલ્લો સૌથી નજીકનો જીલ્લો હોઈ આરોગ્યતંત્ર દ્વારા કરાયેલી અપીલના પ્રતિસાદમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ દરેક શાળાઓને પરિપત્ર કરી આ આદેશો જારી કર્યા છે.

જિલ્લા પ્રા.શિ. અધિકારીશ્રીએ તેમના પરિપત્રમાં જણાવ્યું છે કે મેલેરીયા અને ડેન્ગ્યુના કેસો ઓગષ્ટથી ઓક્ટોબર દરમ્યાન નોંધાતા હોય છે. શાળામાં ભણતા બાળકોને આવા રોગથી રક્ષણ આપવુ જરૂરી હોવાથી કેટલાક સરળ ઉપાયો

## મેલેરીયા-ડેન્ગ્યુથી બાળકને બચાવવા કરાયેલો નિર્ણય : અમદાવાદમાં મળી રહેલા કેસોને પગલે ગાંધીનગર સંવેદનશીલ વિસ્તાર બનતો હોવાથી કરાયો પરિપત્ર

પણ બાળકો અનુસરે તે અંગે આ પગલાં લેવા જરૂરી છે.

મેલેરિયા અને ડેન્ગ્યુ મચ્છરો બંધિયાર અને ચોખ્ખા પાણીમાં ઈંડા મુકે છે. વિદ્યાર્થીને તાવ આવે કે તુરત જ નજીકના આરોગ્ય કેન્દ્રના કર્મચારીને જાણ કરવા જણાવ્યું છે.

આ ઉપરાંત શાળાના કેમ્પસમાં શાળાના મકાનમાં કે ધાબા ઉપર પાણી સંગ્રહીત ન રહે તેની કાળજી લેવાય તેવો પણ આગ્રહ કરવામાં આવ્યો છે.

જિલ્લાની શાળાઓમાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ પોરાશોધક સ્પર્ધાઓ યોજવા માટેની સૂચના પણ આ પરિપત્રમાં કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી મેલેરીયા અને ડેન્ગ્યુના છુટા છવાયા કેસો નોંધાઈ રહ્યા છે. આ બાબતને તંત્રએ ગંભીરતાથી લીધી છે અને તેણે શિક્ષણ વિભાગને અપીલ કરી આવા આદેશો જારી કરવા કરેલા આગ્રહને ધ્યાને લઈ શિક્ષણતંત્રએ પણ આ અપીલને સકારાત્મક પ્રતિસાદ આપી પરિપત્ર જારી કર્યો છે.

**જોઈએ છે**

ગાંધીનગર ખાતે કોમ્પ્યુટર ઓપરેટર ગુજરાતી, અંગ્રેજી ટાઈપ તથા એમ.એસ. ઓફિસ, એકસેલ અને પાવર પોઈન્ટના સંપૂર્ણ જાણકાર.

સંપર્ક : 9426889431

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com